# રાજ્યમાં નવા ૫૧૪ કેસ, વધુ ૨૮નાં મોત

## અમદાવાદમાં નવા ૩૨૭ કેસ સપાટીએ આવ્યા : ૩૩૯ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફર્યા છે : ૭૧ લોકો વેન્ટીલેટર પર



અમદાવાદ,તા.૧૫

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના પોઝિટિવના નવા દર્દીઓ ઉમેરાયા અને રાજ્યમાં કુલ સંક્રમિતનો આંકડો ૨૪૧૦૪ પર પહોંચ્યો. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદના ૨૩ સહિત ૨૮ વ્યક્તિના મોત થયા અને કુલ મૃત્યુઆંક પંદરસોને પાર થઈ ૧૫૦૬ મૃતુ નોંધાયા છે. રાજ્યમાં આજે ૩૩૯ દર્દીઓ સાજા થઈ ઘરે ગયા, વેન્ટીલેટર પર ૭૧ દર્દીઓ સારવાર વ્યક્તિઓ ડિસ્ચાર્જ લઈ ઘરે રવાના થયા. રાજ્યમાં ૧લી જુનથી અનલોક કર્યા બાદ આજે બીજીવારના સૌથી વધારે એક દિવસમાં કોરોના પોઝિટિવના ૫૧૪ કેસ નોંધાયા. જે ગત ૧૩મી જુને નોંધાયેલ ૫૧૭ પછીના છે. જૂન ૧૪ ૫૧૧ કેસ, જુન મહિનાની ૫મી, ૧૦મી અને ૧૧મી તારીખે ૫૧૩ કેસ નોંધાયા છે. જેને તબીબ વર્તુળો સંક્રમણ ઝડપથી ફેલાઈ રહ્યો હોવાનું જણાવી રહ્યા છે. રાજ્યમાં આજે ૨૮ વ્યક્તિઓ કોરોનાને કારણે ૨૪ કલાકમાં મૃત્યુ પામ્યા છે. જેમાં અમદાવાદમાં ૨૩, સુરતમાં ૪ અને અરવલ્લીમાં ૧ વ્યક્તિનું મૃત્યુ પામ્યા છે. અત્યાર સુધીમાં કુલ મૃત્યુઆંક રાજ્યમાં ૧૫૦૬ નોંધાયા છે. કોરોના પોઝિટિવના આજે નોંધાયેલા નવા કેસમાં અમદાવાદમાં ૩૨૭, સુરતમાં ૬૪, વડોદરામાં ૪૪, ગાંધીનગરમાં ૧૫, જામનગર અને ભરૂચમાં ૯-૯, રાજકોટમાં ૮, પંચમહાલમાં ૭, સાબરકાંઠા અને જુનાગઢમાં ૪-૪, પાટણ અને સુરેન્દ્રનગરમાં ૩-૩, મહેસાણા, અરવલ્લી અને વલસાડમાં ૨-૨, બનાસકાંઠા, આણંદ, કચ્છ, ખેડા, બોટાદ, નવસારી, નર્મદા અને અમરેલીમાં ૧-૧ અને અન્ય રાજ્યમાં ૩ સાથે કુલ આંક ૫૧૪ થયો છે. રાજ્યમાં આજે ૫૯૨૬ કુલ કેસ નોંધાયા છે. જેમાં વેન્ટીલેટર પર ૭૧ અને સ્ટેબલ ૫૮૫૫ નોંધાયા છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૨૯૨૯૦૯ ટેસ્ટ કરવામાં આવ્યા છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૧૬૯૬૮ | ૧૨૧૦ | ૧૧૮૨૨ |
| સુરત | ૨૬૪૩ | ૧૧૦ | ૧૮૮૪ |
| વડોદરા | ૧૫૯૭ | ૪૩ | ૧૦૧૪ |
| રાજકોટ | ૧૫૭ | ૦૫ | ૮૭ |
| ગાંધીનગર | ૪૯૬ | ૨૬ | ૩૦૪ |
| ભાવનગર | ૧૬૯ | ૧૩ | ૧૧૮ |
| કચ્છ | ૧૦૪ | ૦૫ | ૭૦ |
| મહેસાણા | ૧૮૭ | ૦૯ | ૧૧૮ |
| ગીર-સોમનાથ | ૫૦ | ૦૦ | ૪૫ |
| પોરબંદર | ૧૪ | ૦૨ | ૦૯ |
| પંચમહાલ | ૧૨૬ | ૧૪ | ૮૬ |
| પાટણ | ૧૧૭ | ૧૦ | ૮૧ |
| છોટાઉદેપુર | ૪૦ | ૦૦ | ૩૩ |
| જામનગર | ૮૫ | ૦૩ | ૫૭ |
| મોરબી | ૦૬ | ૦૧ | ૦૪ |
| સાબરકાંઠા | ૧૪૧ | ૦૫ | ૯૨ |
| આણંદ | ૧૨૯ | ૧૨ | ૧૦૭ |
| દાહોદ | ૪૮ | ૦૦ | ૪૦ |
| ભરૂચ | ૯૩ | ૦૫ | ૪૨ |
| બનાસકાંઠા | ૧૫૨ | ૦૮ | ૧૨૨ |
| ખેડા | ૧૦૭ | ૦૫ | ૭૫ |
| બોટાદ | ૬૭ | ૦૨ | ૫૫ |
| નર્મદા | ૩૨ | ૦૦ | ૨૩ |
| અરવલ્લી | ૧૪૬ | ૧૪ | ૧૨૧ |
| મહીસાગર | ૧૨૦ | ૦૨ | ૧૦૭ |
| નવસારી | ૪૦ | ૦૧ | ૨૭ |
| તાપી | ૦૬ | ૦૦ | ૦૫ |
| વલસાડ | ૫૯ | ૦૩ | ૨૯ |
| જૂનાગઢ | ૪૭ | ૦૧ | ૨૯ |
| સુરેન્દ્રનગર | ૭૮ | ૦૩ | ૩૫ |
| દેવભૂમિ દ્વારકા | ૧૫ | ૦૦ | ૧૪ |
| ડાંગ | ૦૪ | ૦૦ | ૦૨ |
| અમરેલી | ૨૮ | ૦૫ | ૧૦ |
| અન્ય રાજ્ય | ૦૮ | ૦૦ | ૦૦ |
| કુલ | ૨૪૧૦૪ | ૧૫૦૬ | ૧૬૬૭૨ |

## રાજકીય મતભેદો ભૂલી જઈ એકસંપ થઈએ : અમિત શાહ

### દિલ્હીમાં સર્વપક્ષીય બેઠકમાં ગૃહમંત્રીનો અનુરોધ : ભાજપ, એએપી, કોંગ્રેસ, બીએસપીના નેતાઓ બેઠકમાં ઉપસ્થિત રહ્યા, તમામને સાથે મળીને કામ કરવા અપીલ

નવી દિલ્હી, તા. ૧૫

દેશની રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં કોરોના વાયરસના કેસોની સંખ્યા ઝડપથી વધી રહી છે. આ બાબતને ગંભીરતાથી લઈને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે સોમવારે સર્વપક્ષીય બેઠક બોલાવી હતી. આ બેઠકમાં અમિત શાહે કહ્યું કે રાજકીય મતભેદો ભૂલીને દિલ્હીના લોકો માટે કામ કરવું જોઈએ. આ માટે તમામ પક્ષોએ પોતાના કાર્યકરોને કોવિડ-૧૯ સંદર્ભેની ગાઈડલાઈન્સ જમીની સ્તર પર લાગુ કરવામાં મદદ કરવા કહેવું જોઈએ. ગૃહમંત્રીએ ભારપૂર્વક કહ્યું કે એકસંપ થવાની જનતામાં વિશ્વાસ વધશે અને કોરોના વિરુદ્ધની લડાઈને બળ મળશે. સમગ્ર વિગત એવી છે કે ભાજપ, આમ આદમી પાર્ટી, કોંગ્રેસ અને બીએસપીના નેતાઓ આજની બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તમામ રાજકીય પક્ષોને અપીલ કરી કે એ પોતાના કાર્યકરોને એ સુનિશ્ચિત કરવા કહે કે દિલ્હી સરકારના કોવિડ-૧૯ની ગાઈડલાઈન્સ જમીની સ્તર પર લાગુ થાય. અમિત શાહે એમ પણ કહ્યું કે નવી પદ્ધિત કે રીત અપનાવીને આપણે દિલ્હીમાં ટેસ્ટિંગ પ્રક્રિયા વધારવી પડશે. તમામ પક્ષોએ મળીને કામ કરવું જોઈએ, જેના કારણે લોકોમાં વિશ્વાસ પેદા થશે. જેના થકી દિલ્હીમાં કોરોના વાયરસને જલદીમાં જલદી કાબુમાં લઈ શકાશે. આ બેઠક બાદ આદેશ ગુપ્તાએ કહ્યું કે ગૃહમંત્રીએ કહ્યું છે કે ૨૦ જૂન સુધી દિલ્હી સરકાર પ્રતિ દિવસ ૧૮૦૦૦ ટેસ્ટ કરશે.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આજે રાજ્યોના મુખ્યમંત્રી સાથે સંવાદ

### વીડિયો કોન્ફરન્સથી વિચારવિમર્શ કરાશે : મોદી સમક્ષ લોકડાઉનમાં વધુ રાહત માગીશું : યેદિયુરપ્પા

નવી દિલ્હી, તા. ૧૫

દેશભરમાં કોરોનાના પ્રકોપને લઈ વડાપ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વિચારવિર્મશ કરનાર છે. વિડિયો કોન્ફરસથી થનારા સંવાદ પૂર્વે કર્ણાટકના મુખ્યમંત્રી બી.એસ. યેદિયુરપ્પાએ જણાવ્યું કે અમે વડાપ્રધાન સમક્ષ કાલે લોકડાઉનમાં રાહત વધારવાની માગણી કરીશુ. તેની સાથે તેમણે જણાવ્યુ કે લોકડાઉનને વધારવાનો કોઈ પ્લાન પણ નથી. તેની સાથે સપ્તાહના અંતમાં પણ લોકડાઉન લાગુ કરવામાં આવે નહીં. યેદિયુરપ્પાએ વધુમાં જણાવ્યુ કે કર્ણાટકમાં બીજા પ્રદેશમાંથી આવેલા લોકો જ વધારે ચેપગ્રસ્ત જોવા મળ્યા છે. આવા લોકોના માટે કોરન્ટાઈનના નિયમને પણ સમાપ્ત કરવાની જરૂર છે. મહારાષ્ટ્રથી કર્ણાટક આવનારા લોકોને ૭ દિવસ વિશેષ સેન્ટરમાં તેમજ ૭ દિવસ હોમ કોરન્ટાઈનમાં રહેવું પડશે. દિલ્હી અને તામિલનાડુથી આવનારા લોકો માટે જુદી વ્યવસ્થા કરાશે. તેમને ૩ દિવસ સેન્ટરમાં અને ૧૧ દિવસ હોમ કોરન્ટાઈનમાં રાખવામાં આવશે. તેઓ રાજ્યમાં સ્થિતિ નિયંત્રણમાં હોવાનો પણ દાવો કર્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૬મી જૂને એવા રાજ્યોના મુખ્યમંત્રીઓ અને કેન્દ્ર શાસિત પ્રદેશોના મુખ્ય પ્રતિનિધિઓ સાથે વિડિયો કોન્ફરન્સથી સંવાદ કરશે, જ્યાં હાલ કોરોના વાયરસના ફેલાવાની ગતિ ધીમી છે. તેમજ આ રાજ્યોમાં કોરોનાના દર્દીઓનો રિકવરી રેટ પણ સારો છે. આ રાજ્યોમાં પંજાબ, આસામ, કેરળ, ઉત્તરાખંડ, કર્ણાટક અને ઝારખંડ જેવા અન્ય રાજ્યો પણ સામેલ છે.

## મોડાસાના આશાસ્પદ યુવાનનું અકસ્માતમાં મોત

### લુણાવાડા મોડાસા હાઈવે પર લીંબડીયા ચોકડી નજીક ૫ વાહનો એકબીજા સાથે ભટકાયા વાહનોનો કડૂચલો







મોડાસા, તા. ૧૫

લોકડાઉન અનલોક થતાની સાથે રાજ્યમાં ફરી વણથંભી અકસ્માતોની વણઝાર ચાલું થઈ ગઈ છે. મોડાસા-લુણાવાડા હાઈવે પર આવેલ લીંબડીયા નજીક વિચિત્ર અકસ્માતની ઘટના બની હતી લીમડિયા ચોકડી પાસે ૫ જેટલા ખાનગી વાહનો એકબીજા સાથે ધડાકાભેર અથડાતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માત બાદ ટ્રક કન્ટેનર પલટી જતા વાહનોનો કડૂચાલો બોલાઈ ગયો હતો. આ અકસ્માતમા ૮ થી વધુ લોકો ટ્રક નીચે દટાયા હોવાની ભીતિ વચ્ચે અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ અને બાકોર પોલીસે બચાવ કામગીરી હાથધરી હતી, જેમાં મોડાસાના આશાસ્પદ યુવક ભૌમિક મહેતાનું મોત નિપજતા પરિવારજનોમાં શોકનું મોજું ફરી વળ્યું હતું જ્યારે અન્ય બે લોકોના શરીરે ઈજાઓ પહોંચતા સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા. બકોર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. વિચિત્ર અકસ્માતમાં ૮ થી વધુ લોકો ગાડી નીચે દટાયા હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું હતું જે રાહત કામગીરી પછી ટ્રક નીચે કોઈ પણ રાહદારી દટાયેલ ન હોવાનું બહાર આવતા તંત્રએ હાશકારો અનુભવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર મહીસાગર લુણાવાડા મોડાસા હાઈવે પર આજે ગમખ્વાર અકસ્માતના સર્જાયો હતો જેમાં ખાનપુરની લીંબડીયા ચોકડી પર એક સાથે ૫ કરતા વધારે વાહનો ધડાકાભેર એકબીજા સાથે અથડાતા અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. જેમાં હાઈવે પર પસાર થતી ટ્રકે પલ્ટી મારતા આસપાસમાં ઉભેલા વાહનો અને લોકો ગાડી નીચે દબાયા હોવાનું આજુબાજુના દુકાનદારોએ અને લોકોએ અનુમાન લગાવ્યુ હતું અકસ્માતની ઘટનાના પગલે હાઈવે પર સ્થાનિક લોકો ભેગા થઈ ગયા હતા અને તંત્ર પહોંચીને રેસ્ક્યૂ કરે તે પહેલા તેમને બચાવ કામગીરી શરૂ કરી છે ટ્રક ટ્રેલરનો કાટમાળ હટાવતા કોઈ પણ રાહદારી ટ્રક નીચે દટાયેલો મળી ન આવતાં તંત્રએ હાશકારો અનુભવ્યો હતો. આ વિચિત્ર અકસ્માતમાં વેગનઆર કારમાં સવાર મોડાસાના ભૌમિક નરેશભાઈ મહેતાનું મોત નિપજતા પરિવારજનો ઘટનાસ્થળે દોડી ગયા હતા અને આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી. બકોર પોલીસે મૃતકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આશાસ્પદ યુવકનું મોત નિપજતા સોશ્યલ મીડિયામાં શ્રદ્ધાંજલિનો ધોધ વહ્યો હતો સાથે શોકની લાગણી છવાઈ હતી.

## કોરોના મહામારી વચ્ચે ડીસા માર્કેટયાર્ડ દ્વારા રાહતદરે ચોપડા વિતરણ શરૂ

### ડીસા માર્કેટયાર્ડના ચેરમેન તેમજ સંચાલક મંડળની સેવાકીય પ્રવૃત્તિ આવકારદાયક





ડીસા, તા. ૧૫

કોરોના મહામારી વચ્ચે ડીસા માર્કેટયાર્ડના ચેરમેન તેમજ સંચાલક મંડળ દ્વારા ગરીબ અને જરૂરીયાત મંદ પરીવારોના અભ્યાસ કરતાં બાળકો માટે સોમવારથી સોસ્યલ ડીસ્ટન્સ વચ્ચે રાહત દરે ચોપડા વિતરણ શરૂ કરવામાં આવ્યું છે.

ઉત્તર ગુજરાતની અગ્રણી સહકારી સંસ્થા શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ડીસાના ચેરમેન માવજીભાઈ દેસાઈ તેમજ સંચાલક મંડળ દ્વારા અનેક સેવાકીય પ્રવૃત્તિઓ ચલાવવામાં આવી રહી છે. ત્યારે કોરોના મહામારી વચ્ચે ડીસા તેમજ આસપાસના ગરીબ અને જરૂરીયાત મંદ પરીવારોના અભ્યાસ કરતાં બાળકોને કારમી મોઘવારીમાં રાહત દરે ચોપડા મળી રહે તે માટે સોમવારથી ચોપડા વિતરણ શરૂ કરવામાં આવ્યું છે.

આ અંગે ડીસા માર્કેટયાર્ડના સેક્રેટરી એ.એન. જોષીએ જણાવ્યું હતું કે કોરોના મહામારી વચ્ચે સરકારની ગાઈડલાઈન મુજબ સોસ્યલ ડીસ્ટન્સ વચ્ચે (પ્રતિ નંગ ૧૩ રૂપિયા) રાહત દરે ચોપડા વિતરણ શરૂ કરવામાં આવ્યું છે.

## ધનસુરા જે. એસ. મહેતા હાઈસ્કૂલનું ગૌરવ

ધનસુરા, તા. ૧૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ જીએસઈબી ધ્વારા ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થયું હતું. જેમાં ધનસુરા જે.એસ. મહેતાનું ૮૮.૧૩ ટકા પરિણામ આવ્યું હતું. જેમાં વાઘેલા હની પ્રવીણભાઈ ૯૮.૨૫ પર્સલટાઈઝ સાથે શાળામાં પ્રથમ નંબર પર રહી હતી. પટેલ સાક્ષી મનોજભાઈ ૯૭.૮૯ પર્સલટાઈઝ સાથે શાળામાં બીજા નંબર પર તથા ખાંટ સુમિતકુમાર જશુભાઈ ૯૬.૯૯ પર્સલટાઈઝ સાથે ત્રીજા નંબર પર રહ્યા હતા. તેમની આ સિધ્ધી બદલ જે.એસ. મહેતા હાઈસ્કૂલના આચાર્ય પ્રકાશભાઈ દેસાઈ અને ટ્રસ્ટીગણે અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર રાજ્યમાં ૫ લાખથી વધુ વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી.

### વધારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

દિવસ સુધી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ વધારો કરાયો નહોતો. સાર્વજનિક ક્ષેત્રની કંપનીઓએ જારી કરેલા નવા વધારા પ્રમાણે દિલ્હીમાં હવેથી પેટ્રોલ લીટરે રૂપિયા ૭૫.૭૮ જ્યારે ડીઝલ રૂપિયા ૭૪.૦૩ના ભાવથી મળશે. ઓઈલ કંપનીઓ જૂન ૨૦૧૭થી દૈનિક આધારે ભાવની સમીક્ષા કરી રહી છે.

ત્યારથી પેટ્રોલના ભાવમાં ૬૨ પૈસા અને ડીઝલના મૂલ્યમાં ૬૪ પૈસાનો સૌથી વધુ વધારો કરાયો છે. કંપનીઓએ પ્રાઈઝની સમીક્ષા ૮૨ દિવસ સુધી સ્થગિત કર્યા બાદ સાત જૂનથી ભાવમાં સતત વધારો કર્યે રાખ્યો હતો. રવિવારે સતત આઠમા દિવસે ઈંધણના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. પાછલા આઠ દિવસ દરમિયાન પેટ્રોલના ભાવમાં રૂપિયા ૪.૫૨ અને ડીઝલના ભાવમાં રૂપિયા ૪.૬૪નો વધારો ઝીંકી દેવાતાં સમગ્ર દેશમાં પેટ્રોલ અને ડીઝલ સરેરાશ રૂપિયા ૭૫ના ભાવ પર પહોંચી ગયાં છે. દૈનિકી ધોરણે વધારાયેલા ભાવમાં રવિવારે સૌથી મોટો વધારો ઝીંકાયો હતો. આંતરરાષ્ટ્રીય બજારમાં કોરોના વાયરસની મહામારીને કારણે કાચા તેલના ભાવમાં ઘટાડો થયો હતો. આ ઘટાડાનો લાભ લેવા અને દેશમાં ટેક્સની આવક ઘટતાં ઘટેલો. સરકારી આવકને વધારવા માટે ઈંધણના ભાવમાં વધારો ઝીંકાયો હતો. ૧૪મી માર્ચે સરકારે પેટ્રોલ અને ડીઝલ પરની લાગતમાં પ્રતિ લીટરે રૂપિયા ત્રણનો વધારો કર્યો હતો. તે પછી ઓઈલ કંપનીઓ ઈન્ડિય ઓઈલ કોર્પોરેશન-આઈઓસી, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન-બીપીસીએલ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ-એચપીસીએલએ દૈનિક ભાવની સમીક્ષા રોકી દીધી હતી. સરકારે ફરીથી પાંચમી મેના રોજ પેટ્રોલના ઉત્પાદ શુલ્કમાં રૂપિયા ૧૦ અને ડીઝલમાં રૂપિયા ૧૩નો પ્રતિ લીટરે વધારો કરી દીધો હતો. સરકારને આ લાગત વધારતાં વધારાના રૂપિયા બે લાખ કરોડનો ફાયદો થયો હતો.

### લાપતા

● અનુસંધાન પહેલાનું ચાલુ

હાઈકમિશનના કામ કરી રહેલા બંને અધિકારી ઓફિસ જવા માટે નિકળ્યા હતા પરંતુ તેઓ ઓફિસ પહોંચ્યા નહતા. પાકિસ્તાન સરકારને આ અંગે જાણ કરવામાં આવી છે. અગાઉ પણ ઈસ્લામાબાદમાં ભારતના રાજદૂત ગૌરવ અહલૂવાલિયાને ડરાવવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા. કેટલાક આઈએસઆઈ એજન્ટ તેમને ડરાવવા માટે તેમનો પીછો કરી રહ્યા હતા. પાકિસ્તાનના પાટનગર ઈસ્લામાબાદમાં આવેલી ભારતીય એમ્બેસીના બે ઓફિસર્સ ગુમ થયાની. આ માહિતી વિદેશ મંત્રાલયના સૂત્રો દ્વારા આપવામાં આવી હતી.

જેમાં જણાવવામાં આવ્યું છે કે, આ બંને ઓફિસર્સ સવારે ૮.૩૦ વાગ્યાથી ગુમ છે. આ વિશે વધારે માહિતી આપવામાં આવી નથી. છેલ્લા કેટલાક કલાકોથી બે ભારતીય હાઈ કમિશન સ્ટાફ પાકિસ્તાનમાં ગુમ થયા તેમાં પ્રકાશમાં આવ્યું છે કે બંને હાઈ કમિશન સ્ટાફ સીઆઈએસએફના કર્મચારી હતા.

ઈસ્લામાબાદના ભારતીય હાઈકમિશનના પ્રવક્તાએ કહ્યું કે, "ભારતીય ઉચ્ચ કમિશનના બે અધિકારીઓ સવારથી જ સત્તાવાર કામ પર ગુમ થયા છે. આ મામલો પાકિસ્તાની અધિકારીઓ સમક્ષ લેવામાં આવ્યો છે." બંને ભારતીય હાઈ કમિશન સ્ટાફ સીઆઈએસએફ ડ્રાઈવર હતા અને ઈસ્લામાબાદમાં ફરજ પર હતા.

જો કે, તેઓ તેમના લક્ષ્યસ્થાન પર પહોંચ્યા ન હતા. મિશન અધિકારીઓએ સંપર્ક સ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો પણ બંને પહોંચી શક્યા ન હતા. અહેવાલમાં ટિપ્પણી કરતાં પૂર્વ ભારતીય રાજદ્વારી શરત સાબરવાલે આચારસંહિતાનું પાલન ન કરવા બદલ પાકિસ્તાનને ટીકા કરી હતી.

### મુક્તિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સમાચાર પ્રસારિત કર્યા હતા. ઈસ્લામાબાદ પોલીસ દ્વારા ધરપકડ કરાયેલા અધિકારી સીઆઈએસએફના છે. બંનેની સામે જે આરોપ મુકાયો છે, તે જામીનપાત્ર છે. એથી બંને વહેલી તકે મુકત કરી દેવાશે. ઈસ્લામાબાદમાં બંને સીઆઈએસએફ અધિકારીઓને પીટીવી ચેનલ પર બતાવવામાં આવ્યા હતા. સુત્રોના કહેવા મુજબ અકસ્માતમાં એક રાહદારી ઘાયલ થયો છે અને તેના ગુનામાં બંને અધિકારીની ઈસ્લામાબાદ પોલીસે ધરપકડ કરી છે. આ મામલે ભારતમાં વિદેશ મંત્રાલયે પાકિસ્તાનના સીડીએને તેડુ મોકલ્યુ છે. પાક મિડિયાના અહેવાલોન ધ્યાનમાં લઈ વિદેશ મંત્રાલયે પાકિસ્તાનની સમક્ષ ભારે નારાજગી દર્શાવી છે. તેની સાથે ભારતીય અધિકારીઓને કોઈપણ રીતે પરેશાન નહીં કરવા પણ જણાવ્યુ છે. તેની સાથે બંને સત્તાવાર વાહનમાં બેસાડીને ટૂંકસમયમાં ભારતીય ઉચ્ચાયોગ સુધી પહોંચાડવા પણ સૂચના આપી છે. ઈસ્લામાબાદ પોલીસ દ્વારા ધરપકડ કરાયેલા બંને અધિકારીઓનો ભારતથી હજુ સુધી કોઈ સંપર્ક થઈ શક્યો નથી. એટલું જ નહીં પાકિસ્તાનના કાર્યકારી ઉચ્ચાયુક્તથી પણ તેમનો કોઈ સંપર્ક થયો નથી. બીજીબાજુ પાક મીડિયામાં ધરપકડના સમાચાર પ્રસારિત થઈ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક મહિનાઓથી પાકિસ્તાન દ્વારા સરહદ પર બેફાન ફારયિંગ કરવામાં આવી રહ્યું છે જેમાં ભારતના બે જવાન શહીદ થયા છે. પાકિસ્તાન દ્વારા સરહદ પર થઈ રહેવા અવિરત ફાયરિંગને કારણે ભારતીય સરહદ પર વસતા લોકોને ત્યાંથી ખસી જવાની ફરજ પડી છે.

### વધુ ૬ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધરાવે છે. આ દર્દીના પરિવારના ૩ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

સે. ૨૧ની વાસ્તનિર્માણ સોસાયટીમાં રહેતા અને ખાનગી વેપાર સાથે સંકળાયેલ એક ૩૨ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

સે. ૪-સી માંથી એક ૬૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ ગૃહીણી હૃદયની બિમારીને લઈ અમદાવાદ હોસ્પિટલમાં ગઈ હતી. આ મહિલા અને તેમના પતિ જ રહે છે.

સે. ૨-સી માંથી એક નિવૃત્ત અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ અધિકારી પણ પત્ની સાથે જ સે. ૨-સી માં એકલા રહે છે. ૬૫ વર્ષીય આ નિવૃત્ત અધિકારીને બે દિવસથી તકલીફ જણાતાં તેમના નમૂના લેવાયા હતા અને રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

સે. ૫-બી માંથી એક ખાનગી બેંકના કર્મચારીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ પરિવારમાંથી બે દર્દીઓ મળ્યા છે. મળતી વિગતો પ્રમાણે સે. ૧૬ સ્થિત એક ખાનગી બેંકમાં સેલ્સ મેનેજર તરીકે સેવાઓ આપતા ૪૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

આ ઉપરાંત એક ૭૫ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પણ પોઝીટીવ આવેલ છે. આ સેલ્સ મેનેજરના પિતાનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે અને હાલ તેઓ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

મળતી વિગતો પ્રમાણે સેલ્સ મેનેજર તરીકે કામ કરતા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો હોવાથી તંત્રએ તેની મંજૂરી આપી છે.

તંત્રએ આજે મળેલા નવા કેસોને પગલે કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરવા ઉપરાંત આ દર્દીઓના નિવાસસ્થાનની આસપાસ સઘન સર્વેલન્સની કામગીરી હાથ ધરી દીધી છે.

આજે નોંધાયેલા બે કેસમાં ત્રણ દર્દીઓ ૬૦ થી વધુ વય ધરાવતા મળ્યા છે. તંત્ર દ્વારા અત્યાર સુધીમાં ૪૫૦ થી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા હોવાનું જણાવ્યુ છે.